नम्र सूचन
इस ग्रन्थ के अभ्यास का कार्य पूर्ण होते ही नियत समयावधि में शीघ्र वापस करने की कृपा करें.
जिससे अन्य वाचकगण इसका उपयोग कर सकें.

A-5705

ॐ नम :

॥ श्री गौतमस्वामीनि लब्धी घणी होजो ॥

સંવત ૨૪૬૨

સૈલાના નરેસ પ્રતિબોધક આગમોદ્ધારક આચાર્ય
શ્રી સાગરાનંદ સુરિશ્વરજી.

44677

# શ્રી અયોધ્યાતિર્થનો ઇતિહાસ

[ વાંચો વંચાવો અને આનંદ પામો ]

લખનારઃ પંડિત જેઠાલાલ દલસુખરામ
તાલુકો વિજાપુર મુ. (લાડોલ) હાલ અયોધ્યા.

શેઠ. કસ્તુરચંદ તરભોવનદાશની ધર્મપતિન બાઇ
ચંચળ તરફથી ભેટ. ઠે. કીકાભટની પોળ. મુ. અમદાવાદ.

વીરવિજય પ્રીં. પ્રેસ. રતનપોળ, સાગરની ખડકી–અમદાવાદ.

ॐ नमः

॥ श्री गौतमस्वामीजिनी लब्धी घणी होजो ॥

# श्री अयोध्यातिर्थनुं वृतांत.

( श्लोक )

**ॐ नमः श्री तीर्थराजाय, सर्व तीर्थ मयात्मने ।**
**अर्हते योगीनाथाय, रुपाती ताय तायिते ॥ १ ॥**

સર્વે તીર્થમય જેનું સ્વરૂપ છે, એવા શ્રી તિર્થરાજનો તેમજ પરમ ગોગીશ્વર દેહાનીત વેદેહી અને વિશ્વમાતા એવા શ્રી અરિહંત પરમાત્માને અમારા નમસ્કાર હો.

( श्लोक )

( ब्रह्मांडपुराण )

**नाभिस्तु जनयेत्पुत्रं, मरुदेवा मनोहरम् ।**
**रुषभं क्षत्रिय श्रेष्टं, सर्व क्षत्रस्य पूर्वकम् ॥**
**रुषभाद भारतो जज्ञे, वीरपुत्र शताग्रजः ।**
**अभिषिंच्च भरतंराज्ये, महा प्राव्रज्य माश्रित ॥ १ ॥**

નાભિરાજા અને માતામારૂદેવ્યાના મનોહર પુત્ર ક્ષત્રીઓમાં શ્રેષ્ટ તેમજ ઇશ્વાકુનામના ક્ષત્રીઓના વંશના સ્થાપક રૂષભજી એવી પવિત્ર ભરતભુમીમાં રૂષભદેવને ત્યાં વીર એવા સોપુત્રોએ જન્મ લીધો, તે સોપુત્રોમાં જેષ્ટ પુત્ર ભરતજીને રાજ્યગાદી આપી અને બીજા નવાણુ પુત્રોને પણ જુદા જુદા દેશમાં રાજ્ય સોંપ્રત કર્યું.

( शिवपुराण )

**अष्ट षष्टिसु तिर्थेषु, यात्रायांतत्फलं भवेत् ।**
**आदिनाथस्य देवस्य, स्थरणे नापितद्भवेत् ॥ २ ॥**

હિંદુ સનાતન ધર્મમાં વર્ણવેલ જે પવિત્ર અડસઠ તિર્થ કહેવાય છે. તે તિર્થની યાત્રા કરવામાં જે ફ્લ પ્રાપ્ત થાય છે. તેનાથી પણ અધિક ફળ એક વખત આદિનાથ ભગવાનના નામનું સ્મરણ કરવાથી આદિનાથના જન્મ સ્થાન તિર્થપતિશ્રી અયોધ્યાજીનાં દર્સન કરવાથી પ્રાપ્ત થાય છે. પુર્વે ઇન્દ્ર અને દેવતાઓની વસાયેલી વિનિત જન સદા સર્વદા જ્યાં વાસ કરે અને દેવ ગંધર્વ જે ભુમિમાં અવતરણીય માટે લાલાપીત રહે તે શર્વ જગતમાં પ્રિય સર્વ તિર્થોમાં પવિત્ર જૈન ધર્મની જન્મ દાતાએ ઇન્દ્રપુરી સમ વિનિતા નગરીમાં શ્રીભુવન પુજીત ઇશ્વાકુ વંશના સ્થાપક યુગલાદિ ધર્મના પ્રણેતા શાસન નાયક અનંત ઉપકારી અનંતજ્ઞાની શ્રી જીનેશ્વર દેવ અરિહંત પ્રભુશ્રી આદિનાથ રૂષભદેવજી પ્રાગટય થયા, શ્રી આદિમાનવ શ્રેષ્ટ શ્રી રૂષભદેવ ભગવંતે આ સંસારનું બંધારણ અને જૈન આર્યસાસનની રચના કરી. સમસ્ત જીવોપર અનંત ઉપકાર કર્યો. શસ્ત્રધારી અને લોકરક્ષામાં દક્ષ એવા ક્ષત્રીઓને ધર્મતત્વ અને ક્રિયા મોનીષ્ટ બ્રહ્મચર્ય યુક્ત એવા બ્રાહ્મણોને કૃષી, વાણીજ્ય અને ગૌપાલન કરવાવાળા એવા વૈશ્યોને તથા અન્ય શર્વપ્રકાનું કામ કરવાવાળા એવા શુદ્રોને માટે ચાતુવર્ણ વ્યવસ્થા કરી. જૈન આર્ય સંસ્કૃતીનો પ્રવાહ ચાલુ કર્યો, પુર્વના મહા પુણ્ય યોગથી આપણને અજોડ જૈન સાસનની પ્રાપ્તિ થઇ છે, આવા સાસનને પમાડે એવા તિર્થંકર આ પવિત્ર ભુમિમાં થઇ ગયા. એવા મહાન અવતારી પુણ્ય પુરૂષો પણ આપણને પુણ્ય યોગે પ્રાપ્ત થયા. એ આપણાં શર્વેના અહોભાગ્ય કહેવાયા.

જગતપિતા કિંવા જગતગુરૂ શ્રી જીનેશ્વર ભગવાન શ્રી રૂષભદેવજીનો જન્મતિર્થ પતિશ્રી વિનીતાનગરીમાં થયો, આ પવિત્ર ભુમિમાં ભગવંતે દિક્ષા લીધી. ઇન્દ્ર અને દેવતાઓએ સમોસરણની રચના કરી, સાસન નાયકશ્રી આદિશ્વરે સાસન વ્યવસ્થાના માટે ચતુરવિધ સંઘની ચૌદ ગણધરની સ્થાપના કરી, દુનિયાને દાખલો બેસાડવા ખાતર સાસન પ્રણાલીની જડમજબુત કરવાને માટે પોતાના સોવીર પુત્રોમાંથી

પરમપ્રિય એવા જયેષ્ટ પુત્ર ભરતેશ્વરજીને વિનિતાનગરીના અધિષ્ટાતા સ્થાપી. આર્યાવર્તના ચક્રવૃતિ સમ્રાષ્ટની ગાદી આપી અને નવાણું વીરપુત્ર તેમજ પ્રાત સ્મરણીય સતી બ્રાહ્મી, સતી સુંદરી જેવી સુસીલ પુત્રીઓ પ્રમુખ બાહુબલજીને જૈન ધર્મની દિક્ષા આપી દીક્ષીત કર્યા હતા. શ્રી ભરતેશ્વરજીને દેસના દેઈ રત્ન જડિત ભગવાનની પ્રતિમા સાથે સંઘવી બનાવી શ્રી તિર્થ સિદ્ધ ક્ષેત્ર શેત્રુંજયનો પ્રથમ ઉદ્ધાર કરાવી કનકમય મંદિર બંધાવરાવ્યું હતું, ધન્યહો એવા સિદ્ધ સંઘવી પુરૂષ શ્રેષ્ટ છે. વધુમાં શ્રી ભરતેશ્વરજીના પુત્ર પુંડરિકજીને પ્રથમ ગણધરની પદવી આપી સાસન પ્રણાલી કાયમ કરી હતી, આર્યાવર્તના ઉતરાખંડની અજોડ પવિત્ર ભુમિમાં શ્રી આદિશ્વર ભગવાનનાં ચ્વન, જન્મ, દિક્ષા, એવાં ત્રણ કલ્યાણક.

શ્રી અજીનાથ ભગવાનનાં ચ્વન જન્મ દિક્ષા કેવલજ્ઞાન એવાં ચાર કલ્યાણક. શ્રી અભિનંદન ભગવાનનાં ચ્વન જન્મ દિક્ષા કેવલજ્ઞાન એવાં ચાર કલ્યાણક. શ્રી સુમતિનાથ ભગવાનનાં ચ્વન જન્મ દિક્ષા કેવલજ્ઞાન એવાં ચાર કલ્યાણક. શ્રી અનંતનાથ ભગવાનનાં ચ્વન જન્મ દિક્ષા કેવલજ્ઞાન એવાં ચાર કલ્યાણક. મળી પાંચ ભગવાનના ઓગણીશ કલ્યાણક થઇ ગયાં.

શ્રી અયોધ્યાજી તિર્થ પુર્વકાલમાં આર્યવર્તના ઉતરાખંડમાં ઉત્તર કૌસલની રાજધાનીનું એક મહાન વ્યાપારિક મથક હતું. આ પવિત્ર નગરીમાં નાભિરાજાના પુત્ર શ્રી આદિશ્વરથી લેઇ ભરત ચક્રવતિ તેમના પુત્ર અને ભગવાનના પહેલા ગણધર સ્વામી પુંડરિકજી શ્રેયાં-સકુમાર સુર્યસારાજા, સાગર ચક્રવૃતિ જીતશત્રુ રાજા શ્રી અજીત-નાથ, સંવર રાયાશ્રી ભિનંદન મેઘરાય શ્રી સુમતિનાથ સિંહર્સન શ્રી અનંતનાથ સત્યવાદિ રાજા હરિચંદ્ર, ચક્રવતિ રાજા દિલીપ દિગ્વીજયી સુર્યકુલ ભુષણ રાજા રઘુ એક વચની રાજા દસરથ એક પત્નિ વૃત-ધારી આદર્સ પુરૂષોતમ રામચંદ્ર રાજા ચંદ્રાવતંસ અને મહાવીર

સ્વામીના નવમાગણધરજી જેવા અનેક અવતારી મહાપુરૂષો ઉત્પન્ન થઈ ગયા છે, માતા મારૂદેવાથી લેઇ રાણી સુનંદા સુમંગલા માતા વિજ્યા સિદ્ધારથ્થા મંગલા સુપસા સુનંદા સુતા રૂષભ નંદીની અને ભરતજીની બહેનડી બાલ કુમારી બ્રાહ્મી સુમઠાસુતા, રૂષભનંદિની બાહુબલીજીની બહેનડી સુંદરી સતી તારામતિ કૌશલ્યા, સીતાજી જેવી આર્દસ મહિલાઓ સન્નારીઓ સતીઓ થઇ ગઈ છે, પુર્વકાલથી માંડી વર્તમાનકાલ સુધી આ નગરીનાં પાંચ નામ થયાં છે. (૧) ઇંદ્રપુરી વિનિતાનગરી, સાંકેતરપુર, કૌશલ્યા, અયોધ્યા, જે હાલમાં પ્રસિદ્ધ છે. વર્તમાન અયોધ્યામાં પૂર્વકાલની બે નિશાનીઓ મોજુદ છે. એક નગરીની ઉત્તર દિસા તરફ પૂર્વાભી મુખે વહેતી સરયુજી જેનાં કલરવ, નાદ, ધવલ, આચ્છાદિત હિમાલીયાના પવિત્ર વહેણુ ચક્ષુઓને આનંદિત કરે છે. અને બીજો પહેલાં આરાનો સૂર્યકુંડ જે અયોધ્યાથી ત્રણુ કોસ પર આવેલ દર્શન નગરની સરહદ પર છે. જે નગર વર્તમાન શ્રી અયોધ્યા રાજ્યવંશના સ્થાપક મહેન્દ્ર મહારાજ દર્શનસિંહજી એ પોતાની યાદગીરોમાં વસાવેલ છે. જે સ્થળે રાજ્યની દેખ ભાલ નીચે ભાદ્રમાસના સુકલ પક્ષના પહેલા રવિવારે મોટો મેળો ભરાય છે.

અયોધ્યા શહેરના રેલવે સ્ટેશનથી એક માઇલ દુર પર પશ્ચિમ દીશા પરના કટરા મહોલ્લામાં રાજ્ય માર્ગની સડક પર ઓગણીશ કલ્યાણુકની પવિત્ર ચરણુ પાદુકાઓવાળું શ્રી જૈન શ્વેતાંબર મુર્તિ-પૂજક મંદિર સુરક્ષિત હૈયાત છે. મંદિરના કલ્યાણુકની વચ્ચે બિરાજ-માન સમોસરણુના ચોતરાની ઇંટો પુરા તત્વેતાઓની શોધ પરથી માલુમ થાય છે કે તે ઇ. સ. પૂર્વની છે. ઈ. સ. પુર્વ અને વીર સંવત્ ૨૨૨ માં આર્ય સુહસ્તિસૂરીજી મહારાજ થઈ ગયા છે. આપનાં સદોપદેશથી મૌર્ય વંશીય સમ્રાટ મહારાજા સંપ્રતિને પ્રતિ-બોધ મળ્યો, જૈન શાસનને અપનાવી જૈની બન્યા. સંપ્રતિ રાજાનો એવો નિયમ હતો કે સવારના રોજ એક નવા મંદિરની પ્રતિષ્ટા

શ્રવણ કરી દાતણ કરતા હતા. સંપ્રતિ રાજાએ પોતાની જીંદગીમાં સવા લક્ષ જીનમંદિર બંધાવ્યાં. સવાકરોડ નવિન પ્રતિમાઓ ભરાવી છત્રીશ હજાર જીર્ણોદ્ધાર કરાવ્યા, પંચાણું હજાર ધાતુની પ્રતિમા ભરાવી. અને એક લાખ દાનશાળાઓ બનાવરાવી હતી, જૈન ધર્મનો ઉપદેશ કરવા શાસન ધર્મનો ફેલાવો કરવા તાતાર, કાબુલ, ગ્રીક દેશ સુધી ઉપદેશકો મોકલ્યા હતા. આવા દાનેશ્વરી મહારાજાના વરદ હસ્તે આ તિર્થનો ઉદ્ધાર થયો હતો, અને રત્નપુરી તિર્થનો પણ તેમણે જ ઉદ્ધાર કરાવ્યો હતો. સંપ્રતિ રાજાના વખતની પ્રતિમાજી હાલ પણ મૌજુદ છે.

આર્યાવર્ત નાશક પ્રવર્તક સમ્રાટ રાજા ચંદ્રગુપ્ત બીજા જેનું નામ વિક્રમાદિત્ય હતું. તેમના રાજ્ય કાળમાં આર્યાવર્તની ઉતર પશ્ચિમ સરહદ પર આવેલ તક્ષશિલા નગરીનો ક્ષત્રપ રાજા કનીષ્ક જેને ઐતિહાસીક દૃષ્ટિએ નાગ, તક્ષક, યક્ષ. સીથીઅન કે શક જાતીનો વર્ણવેલો છે. તે સૂર્યવંશીય સૂર્યોપાસક શક રાજા ક્ષત્રપ કનીષ્ટ કે ભારતના ઘણા પ્રાંતો તાબે કર્યા હતા. જેમાં ભારતની પશ્ચિમ સરહદથી તે મારવાડ, સિંધ, કચ્છ, ગુજરાત, કાઠીયાવાડ વિગેરે ખાસ હતા. તેણે પોતાના નામનો શક સંવત્સર ચાલુ કર્યો હતો. જેને ઐતિહાસમાં ઈ. સ. પુર્વે ૩૧૯ વર્ષ ઉપર થઇ ગયેલો લખેલ છે. તેને હરાવી તાબે કરી મૌર્ય સમ્રાટ રાજા ચંદ્રગુપ્તે તે ચાલતા શક સંવચ્છરને પોતાના નામ નીચે બદલી પોતાનું નામ સત્તાધારી મહારાજા વિક્રમાદિત રાખ્યું. તે મહારાજા વિક્રમાદિત્યે ધ્વંસ બની હુઈ અયોધ્યા નગરીનો ફરીથી ઉદ્ધાર કર્યો, ફરીથી રચના કરી વસાવી હતી, અને પુરાણી નગરીનું નામ અમર રાખ્યું હતું. અને આ પવિત્ર તિર્થનો પણ તેમણે જ ઉદ્ધાર કર્યો હતો. ચોતરાની સમવસરણ વાળી ઈંટો તે મહારાજા ચંદ્રગુપ્ત વિક્રમાદિત્યના વખતની છે.

આર્યાવર્તની પવિત્ર ભૂમિ પર અનેક પરદેશીના હુમલા થયા. શક, કુણ, સીથીઅન, મેંગોલીયન, ગ્રીક, ઇરાની, તક્ષક, યક્ષ, નાગ વગેરે દેશના વતનીઓના કારમા ઘા સહન કર્યા, ઘણાઓએ આનંદ-વન સમી ભારતીય વાડીને વીછેદ કરી વીચરવા લાગ્યા, કહો કે તે વખતના મહાન સાગર સમ જૈન આર્ય સંસ્કૃતિના અજોડ શાસનમાં મળી ગયા. શાસન ધર્મને અપનાવ્યો, પોતાનો બનાવ્યો. ધન્ય હો, તે શાસન પ્રેમી રાજાઓને ધન્ય હો. તેવા મહાન ઉપદેશક આચાર્યોને કે જેઓની અથાગ મહેનતે ભાવી ચક્રમાં ભુલા પડેલ રાહદારીઓને રસ્તો બતાવ્યો. તે વખતમાં આર્યવર્ત અન્તર્ગત બલ્કે સારા એસીઆ ખંડમાં જૈન આર્યવર્તનો એક એક બચ્ચો પોતાને (અહિંસા પરમોધર્મ) જૈન આર્ય કહેવરાવવામાં પોતાનું ગૌરવ સમજતો હતો, આર્યાવર્તના ખુણા ખુણામાં જૈન આર્ય શાસનની વીરહાક વાગતી હતી. થઇ ગયાં તે વાતને વરસો વીતી ગયાં.

ઇ. સ. સાતમી શતાબ્દીની વાત છે કે જે વખતે ન જીરવી શકાયો, જૈન ધર્મનો તાપ. ખરા બપોર હતા, જૈનશાસનના વિઘ્ન સંતોષીઓએ ધર્મ પર કુરાઘાત શરૂ કર્યો. સ્વાંગ ધારણ કરી સાધુ બની શાસન ધર્મની નિંદાનો પાયો શરૂ કર્યો, પુસ્તકોની નવી રચનાઓ કરી. અનેક સંપ્રદાયો ઉપર પ્રહારો શરૂ કર્યા, ભારતની ભોળી પ્રજા ભોળવાઇ ગઈ. એ તો આપણો જન્મસિદ્ધ હક્ક છે, કે ભલે આપણાં બાળકોને મીઠાઈ આપી, ઝભલાં ટોપી, દાગીના ઝૂંટવી લે, ભલે અનેક લાલચો આપી અવળે રસ્તે દોરી જાય, તે કાળને હવે યાદ કરવાથી શો ફાયદો, દોષ આપણા સમાજનો. શાસન નાયકની ધર્મ વ્યવસ્થામાં ફુટ પડી.

આપસની ફુટે ઝેરી બીજ વાવ્યાં અને તેનો લાભ બીજાઓ લેઇ ગયા. ઉતરાખંડની પવિત્ર ભુમિ પરથી તે વખતમાં સાધુ, આચાર્ય દેવોએ વિહાર કર્યો, એક પક્ષ ગયો દ્રાવિડ કર્નાટક તરફ

અને બીજો ગયો. ગુપ્ત સમ્રાટોની સાથે સૌરાષ્ટ તરફ જે વખતે વલભીપુરની સાધુ મહાસભામાં ધર્મ પુસ્તકો લીપી બદ્ધ થયા. શાસન ધર્મને રાજાઓએ પોતાનો માન્યો. શ્રાવકોએ સૌરાષ્ટ ગુર્જર રાષ્ટ્રનો આશરો લીધો. ઉતરાખંડના તિર્થ સ્થળોના તિર્થંકરની કલ્યાણુક ભૂમિનો શાસન પ્રેમીઓએ ત્યાગ કર્યો, કોઇ ખબર લેનાર ન રહ્યું. ઘણા વર્ષ તેવું ચાલ્યું, બાદ તે કાબુલીઓના હુમલા શરૂ થયા. સમ્રાટ્ અકબરના રાજ્યકાળમાં જૈનાચાર્ય શ્રી હિરવિજયસૂરિશ્વરે ઉતરાખંડના તિર્થો માટે અભય વચન માંગેલું અને તેમના રાજ્યકાળમાં કોઇ પણ તિર્થને અડચણ ન આવવા દીધી. બાદ અયોધ્યામાં નવાબી શરૂ થઇ. રાજ્યોમાં ભાગલા પડયા જે વખતમાં જૈની શ્રાવકોની વસ્તી ઘટતી થવાથી અને બીજી તરફ રામાનંદી સાધુઓનો સંપ્રદાય બલિષ્ટ થવાથી ઘણા શ્રાવકો રામાનંદી વૈષ્ણવ બની ગયા. હાલ અયોધ્યાના ખાસ વતની વૈશ્યો પોતાને સો વરસ ઉપરના જૈની બતાવે છે, જે વખતે પણ આ તિર્થ વૈશ્નવ બનેલ વૈશ્ય અગ્રવાલ (અસલના જૈની) મહાજનોના કારોબારમાં આવ્યું. તેવા ડામાડોળ અંધાધુંધીવાળા સમયમાં પણ વીર નર શાસન પ્રેમી તિર્થોદ્ધારક ખડા થયા વીર સંવત ૧૮૭૧ વિક્રમ સંવત ૧૪૦૧ની સાલમાં કાશી નિવાસી બ્રહદ ખરતર ગચ્છીઅ ભટ્ટારક શ્રી જીનલાભસૂરિ શિષ્યોપાધ્યાય શ્રી હિરધર્મસૂરિજી તત્શીષ્ય શ્રી કુશલચંદ્રસૂરિજીના સદુપદેશથી જયપુર નિવાસી ઓસવાલ વંશીય શ્રેષ્ટ હુકમીચંદજીના વરદ હસ્તે આ તિર્થનો ઉદ્ધાર થયો. અને ચરણ પાદુકાઓ સાથે શ્રી અજીતનાથ ભગવાનની પ્રતિમા સ્થાપન કરી.

સં. ૧૮૫૭ના બળવા બાદ બચ્યા હુવા જૈની આમ તેમ ભાગી ગયા. તિર્થની વળી પાછું કોઇ સંભાળ રાખનાર ન રહ્યું. જે વખતે કાશીનિવાસી મંડલાચાર્ય શ્રી બાલચંદ્રજીના શિષ્ય દિગ્મંડલાચાર્ય શ્રી નેમિચંદ્રસૂરિજીના પૂર્વગદીધરોએ સમસ્ત ઉતરાખંડમાં

અનેક પાખંડ ધર્મિઓને હરાવી સનાતનીઓની સામે થઇ. બનારસ રામઘાટપરની પરાપૂર્વની ગાદી ત્યાંના મંદિર. ભેલીપુર, ભદેની ચંદ્રપુરી, સિંહપુરી, રત્નપુરીના તિર્થોનું રક્ષણ કરવા સમર્થ પ્રયત્નો કર્યા.

પૂર્વકાલની વિનીતા નગરી વર્તમાનકાળમાં નહોતી રહી. શાસન ધર્મના પાંચમા આરામાં જે બનવું જોઇએ તે ભગવાનની જન્મભૂમિમાં પહેલું બનવા પામ્યું. વર્તમાન અયોધ્યામાં અનેક ફેરફાર થઇ ગયા, અન્ય ધર્મ વિલંબીઓના ઉપદેશે શાસન ધર્મમાં ધક્કો પહોંચ્યો. કહી દો કે સારા ઉતરાખંડમાં ધર્મ પર પરિવર્તન થઇ ગયું.

આ પરિવર્તનશીલ સંસારમાં યુગ્લાદિ ધર્મના સ્થાપક શ્રી તિર્થંકર પ્રભુ શ્રી આદિનાથજીના જન્મસ્થાનમાં અનેક ભાવયાત્રી ભગવાનના પવિત્ર કલ્યાણક અને ચરણ પાદુકાઓનાં દર્શનાર્થે પવિત્ર તીર્થભૂમિને ચરણસ્પર્શ માટે આવ્યા કરતાં હતાં. મંદિરની જગ્યાએ તેમજ ધર્મશાળાના કંપાઉન્ડમાં જે વખતે ફક્ત તુટીફુટી હાલતમાં બે ઓરડીઓ દરવાજા પાસે હતી. અનેક પ્રકારની આશાતનાઓ થતી જોઇ ભગ્નાવસ્થાની હદપર આવનાર તીર્થ પહુ પહુના પોકાર સાથે ડોકીઆં કરતું. તીર્થ કોઇ તીર્થોદ્ધારક ભાવિક ભક્તની ભાવભીની નજરમાં આવવા જાણે પ્રેરણા કરી દેશના દઇ રહ્યું હોય તેવું દેખાતું હતું. જાગો, જાગો, આળસ મરડી ઉભા થાઓ. ઓ તિર્થંકર દેવના નંદનો આવો અને નિહાળો, આપણા ધર્મસ્થાપકો ને છે કોઇ વિમળશાહ, જગડુશા, કયાં ગયા તે વસ્તુપાળ તેજપાળ. કયાં ગયા તેવા ધર્મ ધુરંધર રાજાઓ. કોઇને સાંભરતું નથી. ત્યારબાદ એક દિવસની વાત છે જૈનાચાર્ય શ્રી સાગરાનંદસૂરિશ્વરજી મહારાજનો પુન્યવિહાર સં. ૧૯૮૩ ની સાલમાં અયોધ્યાજીમાં થયો. તિર્થની હાલત જોઇ દિલ કંપાયમાન થયું તેવીજ આત્માપર ચોટ લાગી. થોડીજ વારમાં તિર્થના ઉદ્ધાર માટે ભાવના પ્રગટ થઇ. ત્યાંથી

પૂર્વમાં વિહાર કરતાં રસ્તાના અનેક શહેરોમાં ઉપદેશ શરૂ કરી દીધો અને ગુજરાત તરફ વિહાર કરતાં અમદાવાદ પધાર્યા. સં. ૧૯૮૪ની સાલ સર્વને યાદજ હશે. ત્યાર બાદ જે વખતે શ્રી શેત્રુંજય તિર્થનો ડુંગર બંધ હોવાથી વરસી તપનું પારણું કરવા ધન્યવાદ શ્રી રાજનગર (અમદાવાદ) નિવાસી પુણ્યશ્લોક સ્વર્ગવાસી શ્રીમાન્ શેઠજી ધન્યવાદ મનસુખભાઇ ભગુભાઇની પેઢીના મંત્રી અને ભગવાનશ્રી મલ્લિનાથજી ભોંયણી તિર્થનું મંદિર બનાવ્યું. સ્વર્ગવાસી શેઠજી શેનાભાઇ ચુનીલાલની ધર્મપત્નિ બાઇ વીજકુવરનું આગમન વાર્ષિક તપના પારણા માટે તિર્થ શ્રી હસ્તિનાપુર થયું. યાત્રાઓ કરતાં કરતાં શ્રી અયોધ્યાજી પધાર્યા, આપના દિલમાં પણ ભાવના પ્રગટ થઇ અને તિર્થનો ઉદ્ધાર થવો જરૂરી છે, તેવો નિશ્ચય કરી ત્યાંજ સંકલ્પ કર્યો કે (કાર્યં સાધ્યામી વા દેહં પાતયામિ) ધન્ય હો તેવી વિદુષી સન્નારીની અચળ ભાવનાઓને અટંક ટેકીને. એમ તો બાઈવીજીનું આગમન પહેલાં પણ થઇ ગયું હતું. છતાં હાલની ભાવના કાંઇ ઓરજ હતી, જ્યારે ગુજરાત તરફ પ્રયાણ કર્યું. શૈલાણા નરેશ પ્રતિબોધક આગમોદ્ધારક આચાર્ય અને અમદાવાદ જતાં મહારાજશ્રી સાગરાનંદસુરીશ્વરજીને વાંદવા ગયા ને સલાહ લીધી. મહારાજશ્રીએ ઉપદેશ કર્યો કે અયોધ્યાજી તિર્થનો ઉદ્ધાર થવો જરૂરી છે. અયોધ્યામાં ઉદ્ધારને માટે ફુટેલાં અંકુરોને મહારાજશ્રીના ઉપદેશે જળસીંચન કર્યું. પાકો નિશ્ચય કરી કાર્યારંભ માટે મહારાજશ્રીને યાચના કરી અને ત્યાંજ ટીપ શરૂ થઇ. જ્યાં તપસ્વીનો હસ્ત ટીપપર થયો. હવે કલ્યાણકનું મુહુત શરૂ થયું. એક બાજુ ટીપ માટે મુંબઇ, અમદાવાદ, ભાવનગર કલકત્તા વગેરે શહેરોમાં ફરવા માંડયું. ચાર વરસના ગાળામાં પણ શ્રી અયોધ્યાજી તીર્થમાં અનેક રંગ બદલાઇ ગયા. ન કહેવાય તેવાં કારસ્થાનો રચાયાં. ન બનવા જોઇએ તેવા બનાવો બનવા પામ્યા. જેનાથી જેટલું થાય તેવી નીતિએ શામ, દામ, ભેદ, દંડથી કામ લીધાં. તિર્થોદ્ધારક બાઇજી પર અનેક આફતો આવી, અને હજુ પણ આવ્યે

જાય છે, છતાં ધરમપસાયથી દેવકૃપાથી ધર્મનો ટેક છુટતો નથી. બાઇએ લીધેલું કામ હજુ સુધી સાચવી તિર્થનું કામ ચાલુ રાખે ગયાં છે. બાઇની અવસ્થા પાકી છે ને અભણ છે પણ ધર્મટેક રાખ્યો છે. બીજું બાઇપર આફત આવી ને બાઇની બે પેટીઓ ઉપડી ગઇ તો પણ સમતાભાવ રાખી કામ કરે જાય છે, દિવસના પણ દેખતાં ડર લાગે તેવી જગ્યા આજે ઇંદ્રપુરી સમ દેખાય છે, સમોસરણની બહારનો કલ્યાણક વાળો કિલ્લો જે ખંડિયર દશામાં હતો, જ્યાં જાળાં ઝાંખરાં બાઝેલ હતાં, જ્યાં ઉભા રહેવાને માટે એક પણ સ્વચ્છ જગ્યા નહોતી, ને જ્યાં મોટા ખાડા હતા, દિવસે પણ બિહામણી અને ભયાનક દેખાય તેવી વીકરાલ જગ્યા પર આજે દેવની કૃપાએ ગુરૂ મહારાજની કૃપાએ, આચાર્યદેવના આશિષે અને શાસનનાયકની અનુકંપાએ સકળ ચતુરવિધ સંઘની સહાયતાથી ભરપૂર મનમોહક ધાર્મિક દૃષ્ટાંતોની સાથે રમણિય મનોહર તીર્થસ્થાન બનવા પામ્યું છે. મંદિરનો ઓગણીસ કલ્યાણકવાળો એક માળ તૈયાર થઇ ગયો છે. મંદિરની લંબાઇ ૧૦૫ ફુટ ચૌડાઇ ૭૫ ફુટ, ૬૬ ફુટ ઉંચાઇમાં શીખરબંધ ૧૨ દેવડીઓ વાળું દેરાસર તૈયાર થઇ જશે. અત્યાર સુધીમાં નીચે લખેલી વસ્તુઓ બનવા પામી છે.

૬ અષ્ટમંગળીક, ૧૪ સ્વપ્ન, ૮ દેવીઓ, ૨ હાથી, ૪ ચન્દ, ૪ કલ્પવૃક્ષ, ૪ દેવપાળ, ૨ દ્વારપાળ, ૬૬ થંભા, ૪૨ કમાનો, ૧૪ દરવાજા, ૨૮ દષ્ટાંતોનાં પાટીઆં, ૧૭૮ ટોડીઓ, કેવળજ્ઞાન કલ્યાણકવાળા માળમાં શેઠ કોરશી વીજપાળ રંગુનવાળા તરફથી મકરાણાના પત્થરથી બને છે. મંદિરના પછવાડેની જમીન પર ધર્મિઓના હવાલે હતી જે ભવિષ્યમાં ભયરૂપ હોવાના કારણે સરકાર પાસેથી તે જગ્યાની માંગણી કરી જગ્યા મેળવી તેના પર પાકો પત્થરનો કિલ્લો બની ગયો છે, જેનાથી મંદિરનું રક્ષણ સારૂં થશે. જે જગ્યામાં યાત્રીઓને રહેવા માટે એક પણ ઓરડી નહોતી ત્યાં અવસરે ભવ્ય

વિશાળ ધર્મશાળા બની ગઇ છે, નીચેના માળમાં રસોઇની સગવડ સાથ વાળી બબ્બે ખંડવાળી ૧૨ ઓરડીઓ તૈયાર છે. તેમજ ઉપરના માળમાં ખુલ્લી હવા ઉજાસવાળા, કબાટ ટાકા સહિતનાં ૧૨ દિવાન-ખાનાં ને અલગ માટે રસોઇઘર. નાવાની સગવડ સાથે બની ગયેલ છે. અમારા માન્યવંત સદ્ગૃહસ્થ શ્રીમાનો માટે પબ્લીક રોડ પરથી સીધા ધર્મશાળામાં આવવા માટે પૂર્ણ સગવડતાની સાથવાળું એક મોટરહાઉસ બની ગયું છે, જેમાં ડ્રાઇવરને માટે સાથેજ રહેવાની રસોઇની સગવડવાળી એક ઓરડી બની ગઇ છે, રાજમાર્ગ પરની દશ ઓરડીઓ મંદિરની લગોલગ બનવા પામી છે. ધર્મશાળાના વિશાળ ચોગાનમાં એક પાકો કુવો પણ બની ગયો છે, ને જાત્રી લોકોને રહેવા માટે હવા પાણી ઘણાં સારાં છે. હવે તીર્થસ્થળમાં કામ કર-નાર તેમજ તિર્થોદ્ધારક સજ્જનો પર પ્રભુની કૃપાએ કોઈ આફત નહિ આવે તો શ્રી ચક્રેશ્વરી દેવી અને દાદાજી આપજ રખેવાળ છો.

( श्लोक )

श्री तिर्थ पांथ रजास विरजी भवंति ।
तिर्थेषु बं भ्रमणतो न भवे भ्रमंति ॥
द्रव्यव्ययादिह नरा स्थिर संपद स्यु ।
पुज्याभवंति जगदिशमथार्चयंत ॥

જે તિર્થ ભૂમિના રજસ્પર્શથી ભવ્ય આત્માઓ કર્મ રજ રહિત થાય છે, તિર્થોમાં પરિભ્રમણ કરવાથી ભવમાં ભમતા નથી. (ભવભ્રમણથી મુકત થાય છે) એવા શ્રી તિર્થોમાં દાન દેવાથી મનુ-ષ્યો અચળ લક્ષ્મીવાળા થાય છે, અને જીનેશ્વર દેવ શ્રી આદિનાથ ભગવાનની પુજા કરવાથી પુણ્ય ઉત્પન્ન થાય છે. શ્રી તિર્થંકરોના પુન્ય પાદકમળથી જે ભુમિ પવિત્ર થાય છે, તે ભુમિતીર્થ કહેવાય છે. શ્રેષ્ઠ ધર્મ, કિર્તિ યુગ્લ સતજ્ઞાન આનંદ સહિત અને દેવેન્દ્રોથી

વંદિત જ્યાં પ્રગટ થયા, જે જગ્યાએ દિક્ષા લીધી. જે ભૂમિ પર શાસન ધર્મની જડ કાયમ કરી તેવી વંદનીય પવિત્ર ભૂમિ સર્વોત્તમ સર્વશ્રેષ્ઠ અને સર્વોત્કૃષ્ટ મનાય છે. આવું મહાન તિર્થ શાસનધર્મની ઉજ્વળ જ્યોતિ સમાન છે. તેની સેવા, ભક્તિ, દર્શન અને રક્ષણ કરવું પ્રત્યેક શાસનધર્મી જૈન જનતાનું કર્તવ્ય છે. મહાપુણ્ય છે. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે—

(श्लोक)

**पुजा करणे पुजा एग गुणं सयगुणं च पडिमाए ।**
**जिण भवंणेण सहस्सं एतगुणं पालणे होवे ॥**

આ મહાન તિર્થરાજને વિષે પુજા કરવાથી એકગણું પુણ્ય થાય છે. પ્રતિમા સ્થાપન કરવાથી સોગણું પુણ્ય થાય છે, અને જીન ભુવન બનાવરાવવાથી હજાર ગણું પુણ્ય થાય છે, અને પાલણ કરવાથી અનંતગણું પુન્ય થાય છે.

(श्लोक)

**काष्टादिनां जिनावासे; यावंत् परमाणव ।**
**तावन्ति वर्ष लक्षाणि तत्कर्ता स्वर्ग भागभवेत् ॥**

આ જીનમંદિર વિશેના કાષ્ટ પાષાણમાં જેટલા પરમાણુઓ વસે છે, તેટલા જ લક્ષ વર્ષ પર્યંત જીનમંદિદ બનાવનાર જીનમંદિરનો ઉદ્ધાર કરાવનાર સ્વર્ગલોકમાં શીવ વધુને વરી બોધી સત્વને પ્રાપ્ત થાય છે, સુખ ભોગવે છે. પુજ્ય આચાર્ય દેવો, શ્રી ઉપાધ્યાયજી શ્રી પન્નાસજી સાધુ મહારાજ શ્રી સાધવીજી શ્રાવક, શ્રાવિકાઓ ચતુરવિધ સંઘવીને સવિનય વંદનાની સાથ પ્રાર્થના છે કે આવા તિર્થકાર્યમાં અવશ્ય સહાયતા પ્રદાન કરી જીરણદ્ધારમાં પોતાનો પવિત્ર હાથ લંબાવશોજી. આવા પુન્ય કાર્યમાં પૈસાની જરૂર છે, આવા પુરાતન તિર્થોનું રક્ષણ કરવું પહેલું કાર્ય છે. આવાં પુરાણો તિર્થો

જ્યાં આજે બીજાઓ કબજો લઇ બેઠા છે, જ્યાં તિર્થોનું રક્ષણ નહિ થાય. તિર્થોદ્ધારક કમિટિ નીમી તેના હિસાબ કીતાબની જ્યાં પડતાલ નહિ થાય તો તિર્થોના રક્ષણકર્તા ખુદ માલીક થઇ જશે અને જતે દિવસે યાત્રાનાં ધામોમાં દર્શન માટે પણ આપણને ઘણું શોષવું પડશે.

( સમાપ્ત ) (ચવન)

## શ્રી તિર્થપતિ શ્રી પાંચ ભગવાનનાં ઓગણીસ કલ્યાણકની નોંધ

(૧) રિખવદેવ અજિતનાથ ચ્યવન કલ્યાણક, કાળુસીની પોળ, અમદાવાદ.

(૨) શ્રી અભિનંદન ભગવાનનાં ચ્યવન, હાજા પટેલની પોળ, પગથીઆનો અપાશરો મુ. અમદાવાદ.

(૩) શ્રી અનંતનાથ ભગવાનનાં ચ્યવન, મહેસાણાના સંઘ તરફથી મુ. મહેસાણા.

(૪) શ્રી સુમતિનાથ ભગવાનનાં ચ્યવન નાગજી ભુદરની પોળ, અપાશરા તરફથી અમદાવાદ.

(જન્મ કલ્યાણક)

(૧) શ્રી રિખવદેવ અજીતનાથના જન્મ કલ્યાણક ઠે. વિદ્યાશાળા, અમદાવાદ.

(૨) શ્રી અભિનંદન ભગવાનનું જન્મ કલ્યાણક, શેઠ મગનલાલ ઠાકરશી હ. બાઇ ભુરી ઠે. ગુસા પારેખની પોળ, અમદાવાદ.

(૩) શ્રી સુમતિનાથ ભગવાનનું શેઠ કસ્તુરચંદ તરભોવનદાસ હ. બાઇ ચંચળ ઠે. કીકાભટની પોળ, અમદાવાદ.

(૪) અનંતનાથ ભગવાનનું જન્મ કલ્યાણક (બાકી)

( દિક્ષા કલ્યાણકની ટુંક )

શ્રી રીષભદેવ ભગવાનની દિક્ષા, સ્વર્ગવાસી શેઠ સેનાભાઇ ચુનીલાલની દીકરી મણીબેન તરફથી (અમદાવાદ)

(૨) શ્રી અજીતનાથ ભગવાનની દિક્ષા. શેઠ હરમાનસિંગ લક્ષ્મીચંદ હ, બાઈ ગટાબાઈ તથા શેઠ કનૈયાલાલ રૂપચંદ મુ. (કલકત્તા)

(૩) શ્રી અભિનંદન ભગવાનની દિક્ષા. શેઠ ભોગીલાલ ભુદરભાઇ અપાસરા તરફથી ઠે, લવારની પોળ (અમદાવાદ)

(૪) શ્રી સુમતિનાથ ભગવાનની દિક્ષા (બાકી)

(૫) શ્રી અનંતનાથ ભગવાનની દિક્ષા, શેઠ પદમજી પ્રેમજી કાથી બજાર મુંબઇ તથા શેઠ જાલિમસિંગ કોઠારી અજીમગંજવાળા (કલકત્તા)

(૧) (કેવલજ્ઞાન કલ્યાણકની ટુંક) (સમોસરણ)

શ્રી અજીતનાથ ભગવાનનાં કેવળજ્ઞાનનું સમોસરણ (બાકી)

(૨) શ્રી અભિનંદન ભગવાનનું કેવળજ્ઞાન સોસાઈટી તરફથી હ, લક્ષ્મોભાબુ, હ. શેઠ ત્રીકમલાલ ભોળાભાઇ (અમદાવાદ)

(૩) શ્રી સુમતિ ભગવાનનું કેવલજ્ઞાન, શેઠ. કોરશી વીજપાળ કુચ્છી, રંગુનવાળા.

(૪) શ્રી અનંતનાથ ભગવાનનું શેઠ. દાકટર ત્રીકમલાલ અમથાલાલની માળ તરફથી (અમદાવાદ.)

(શ્રી પાંચ ભગવાનાં ચ્યવન કલ્યાણકની ગાદી) એક એક રૂ. ૫૦૦) ની.

(૧) શેઠ. શાંતીલાલ મણીલાલ, ઠે. મંકોડીપોળ, અમદાવાદ.

શ્રી પાંચ ભગવાનના જન્મકલ્યાણકની ગાદી.

શેઠ. બાલાભાઈ મગનલાલ. ઠે. કાળુશીની પોળ. અનદાવાદ.

(શ્રી રિખભદેવ ભગવાનની દિક્ષા કલ્યાણકની ગાદી.)

શેઠ. ડાહ્યાભાઇ હીરાભાઇ, પાટણવાળા, મુ. અમદાવાદ.

ચાર ભગવાનના દિક્ષા કલ્યાણકની ગાદી. શેઠ. પોટલાલ ધારશીભાઇ મુ. જામનગર.

ચાર ભગવાનની કેવલજ્ઞાન કલ્યાણકની ગાદી.

ચાર ભગવાનના ગણધરની ગાદી. એડનવાળા તરફથી રૂ. ૫૦૦) શાહ ખાતે.

( માતાપિતાના સિંગાસન )

(૧) શ્રી રિષભદેવ ભગવાનના માતાપિતાનું સીંગાસન, રૂ. ૧૫૧) કોઠારી. નગીનદાસ વખતચંદ ઠે. ઝાંપડાની પોળ, અમદાવાદ.

(૨) શ્રી અજિતનાથ ભગવાનના માતાપિતાનું સિંગાસન રૂ. ૧૫૧) શા. જમનાદાસ ચુનીલાલ હ. બાઈ મણી ઠે. પીંપરડીની પોળ, અમદાવાદ.

(૩) શ્રી અભિનંદન ભગવાનના માતાપિતાનું સિંગાસન રૂા. ૧૫૧) શેઠ કેવળદાસ ડોસાભાઈ હ. બાઈ જીવી પેથાપુર.

(૪) શ્રી સુમતિનાથ ભગવાનના માતાપિતાનું સિંગાસન રૂ. ૨૦૦) બાઈ મંગુ તથા લીલો ઠે. લવારની પોળ અમદાવાદ હ. મોતીબેન.

(૫) શ્રી અનંતનાથ ભગવાનનાં માતાપિતાનું સીંગાસન રૂ. ૧૫૧) શ્રી ચંદ્ર પ્રભુના દેરાસર તરફથી. હ. બાઈ મુળી મુંબઈ.

૧૦૧) બાઇ દેવકોર રામજી મુ. જામનગર અરિહંત ભગવાનની સ્પાટીકની પ્રતિમા.

શ્રી અનંત ભુવનના સ્થંભ પાંચ ભગવાનનાં ( સ્ફાટીક મણી પુરીને. )

(૧) અનંતભુવન (૧ દેવી ૪ કમળનાં ફુલ સ્ફાટીક પુરીને રૂ. ૧૫૧) શેઠ પેમાભાઇની દિકરી બાઈ લીલી ઠે. ખેતરપાળની પોળ, અમદાવાદ.

(૨) લક્ષ્મીભુવન (ઉપર પ્રમાણે) રૂ. ૧૫૧ શા. અચરતલાલ હાલાભાઈ ઠે. કાળુસીની પોળ, અમદાવાદ.

(૩) કનકભુવન રૂ. ૧૫૧) શેઠ લાલભાઈ ફકીરભાઇ હ. બબુ ઠે. ટેમલાની પોળ અમદાવાદ.

(૪) શ્રી જ્ઞાનભુવન રૂા. ૧૫૧) શેઠ મણીલાલ છગનલાલ હા. જસી ઠે. ટેમલાની પોળ અમદાવાદ. (સંપૂર્ણ)

ચ્યવન કલ્યાણકની દેરીપરનું શીખર રૂ. ૧૦૦)

વકીલ મણીલાલ રતનચંદ હ. સુશીલા ઠે. કાળુસીની પોળ અમદાવાદ.

દિક્ષાકલ્યાણકની દેરીનું શીખર રૂ. ૧૫૧) શેઠ મણીલાલ હરગોવનદાસના ભાણેજ પવનકુમાર અમદાવાદ

કેવલજ્ઞાન કલ્યાણકની દેરીનું શીખર (બાકી) રૂ. ૧૫૧)

દષ્ટાંતોનાં પાટીઆં સમોસરણની ચારે બાજુએ છે.

(૧) શ્રી સંપતિ રાજાનું પાટીયું, વીજકોર બાઈની દીકરીના દિકરા, વિમળશા તથા બબાભાઈ અમદાવાદ રૂ. ૫૧)

(૨) દેવ દુંદુભીનું શ્રીમતિ રાણી કેશરબાઇ મુ. લખનૌ રૂ. ૩૦

(૩) ઈંદ્ર ઈંદ્રાણીનું, ઉદેપુર સ્પેશીઅલ તરફથી.

(૪) વાર્ષિક તપના પારણોનું બાઇ ચંપા મુ. બાલાપુર રૂ. ૧૦).

(૫) શ્રી મહાવીર સ્વામીના કાનમાં ખીલા (બાકી) રૂ. ૧૫)

(૬) શ્રી શાંતિનાથ ભગવાને પારેવું બચાવ્યું. બેન લીલાવતી કલકત્તા રૂ. ૧૫)

(૭) શ્રી નેમનાથ ભગવાનની જાન, હંસકુમારી શીહોર રૂા. ૧૫).

(૮) શ્રી પાર્શ્વનાથ ભગવાન કમઠને ચોગીને હઠાવે છે.

શેઠ ભલાભાઇ સાંકળચંદની દિકરી લીલી અમદાવાદ. રૂ. ૧૫)

(૯) શા. મોહનભાઈ મોકમચંદ અમદાવાદ. (સરસવતીદેવી રૂા.૧૫)

(૧૦) લક્ષ્મીદેવી, વિજકોરબાઇના દીકરા મણીભાઇ બબાભાઈ અમદાવાદ રૂ. ૨૦)

(૧૧) સંસાર રૂપી દષ્ટાંત, વિજકોરબાઇના દિયર ચીમનલાલ રૂ. ૧૨) અમદાવાદ.

(૧૨) મધુબિન્દુ, પૃથ્વીરાજજી સોહનલાલ રૂ. ૧૫) ઉદેપુર

(૧૩) ઈલાચીકુમાર બાઈ ચંપા અમદાવાદ રૂ. ૧૫)

(૧૪) ચંદ્રનું વિમાન બાઈ મેના અમદાવાદ રૂ. ૧૦)

(૧૫) વૃષભનું, ગેંદીબાઇ મુ. કુકશી રૂ. ૧૦)

(૧૬) સુર્યનું વિમાન સમરથબાઈ અમદાવાદ રૂ. ૧૦)

*(૧૭) સીંહનું વિમાન બાઇ સુરજ (કુકશી) રૂ. ૧૦)*

(૧૮) ચંદ્રનું વિમાન (૨) નગીનદાસ હીરાલાલ પેથાપુર રૂ. ૧૦)

(૧૯) હરિચંદ્રનું દષ્ટાંત, કાન્તિલાલ હ. હીરાકુંવર મુંબઇ રૂ. ૧૫)

(૨૦) ભરતેશ્વરના રથ વીજકોરબાઇની વહુ સૌ. ચંદનલીલા અમદાવાદ રૂ. ૧૦)

(૨૧) શ્રી રામચંદ્રજીના અશ્વ વીજકોરબાઇના દીકરા વસંતકુમાર વિનયકુમાર અમદાવાદ. રૂા. ૧૦)

(૨૨) શ્રી લક્ષ્મીદેવી, વિજકોરબાઇના દીકરાના દીકરા વસ્તુપાળ અમદાવાદ રૂ. ૨૦)

(૨૩) લવકુશના અશ્વ, વિજકોરબાઇના દીકરાના દીકરા પનાલાલ તથા દિનકર રૂ. ૧૦)

(૨૪) શ્રી બાહુબળીજી કાઉસગ, મણીલાલ લખનૌ રૂ. ૧૨)

(૨૫) આબુજીનાં દહેરાં, વિજકોરબાઇના દીકરા વીઠલભાઇ તથા જુગલભાઈ અમદાવાદ રૂ. ૧૦)

(૨૬) શ્રીપાલ રાજાનું ચરિત્ર, અરજુલાલ જયંતીલાલ ટેમલાની પોળ અમદાવાદ રૂ. ૧૨)

(૨૭) શ્રી મહાવીર સ્વામીજીના કાનના ખીલા રૂ. ૧૦) વીજ-કોરબાઇના ભાણેજ અમદાવાદ

(૨૮) શ્રી પાર્શ્વનાથજી કાઉસગ ધ્યાન રૂ. ૨૫) નેમચંદ દેવચંદ અમદાવાદ.

( છંદની વિગત )

(૧) મંદિરદ્વાર સાંકળચંદ સોમચંદ રૂ. ૨૫) કચ્છ અંજાર

(૨) ,, બાઇ પુરબાઈ રૂ. ૨૫) કચ્છ અંજાર

(૩) પ્રવેશદ્વાર કેશવલાલ ગોકળદાસ બાઈ લીલી અમદાવાદ રૂપીઆ ૨૫)

(૪) ,, ડાહ્યાભાઇ લલુભાઇ રૂ. ૨૫) અમદાવાદ

(૧) છડીદાર પ્રવેશદ્વાર (બાકી) રૂ. ૫૧)

(૨) પ્રવેશદ્વાર (બાકી) રૂ. ૫૧)

(૧) હાથી ડાહ્યાભાઈ હઠીસીંગ રૂ. ૧૦) પેથાપુર

(૨) કાળીદાસ રવચંદ રૂ. ૧૦) બાકી, પેથાપુર

(૧) દેવી પ્રવેશદ્વાર શા. લાલભાઇ છોટાલાલની ઓરત બાઇ કાંન્તા રૂ. ૧૦) અમદાવાદ

(૨) દેવી પ્રવેશદ્વાર બેન કૌશલ્યા ચીમનલાલ બકોરભાઇ અમદાવાદ રૂ. ૧૫)

(૧) કનક ભુવનમાંથી શ્રી ચક્રેશ્વરી માતા. મણીબેન રૂ. ૧૫) અમદાવાદ.

(૨) લક્ષ્મી ભુવનમાંથી દેવી મણીબેન વીજકોરબાઈની દીકરી અમદાવાદ રૂ. ૧૫)

(૩) જ્ઞાનભુવનમાં જ્ઞાન ભંડાર વિનયકુમાર બબાભાઈ રૂ. ૧૫) અમદાવાદ.

(૪) અનંત ભુવનમા મંડપ ઉપર સરસ્વતી દેવી મુ. અજમેર મીલાપચંદ સંગીકી દીકરી રૂા. ૧૫)

(૧) અષ્ટ મંગળિક રૂ. ૫૧) લક્ષ્મીકુમારી બાબુસીતાબચંદની દીકરી, લખનૌ

(૧૪ સ્વપ્ન) બાઇ પશી, ટોડાની પોળ રૂ. ૧૦૦) અમદાવાદ.

(૧) દેવપાળ મનુ રતીલાલ રૂ. ૧૫) ભાવનગર

(૨) જોરાવર કુંવર રૂ. ૧૫) જાવરા

(૩) દેવપાળ રેવાકુંવર રૂ. ૧૫) આભરંડા (દ્વારિકા)

(૪) દેવપાળ (બાકી)

(૧) કલ્પવૃક્ષ, નીરૂ રતીલાલ રૂ. ૧૦) ભાવનગર

(૨) કલ્પવૃક્ષ જોરાવર કુંવર રૂ. ૧૦) જાવરા

(૩) કલ્પવૃક્ષ રેવાકુંવર રૂ. ૧૦) આરંભડા દ્વારિકા

(૪) કલ્પવૃક્ષ (બાકી)

( અનંતભુવનમાં ૧૪ સ્વપ્ન કો.

(૧) મનસુખભાઈ હાથીભાઈ રૂ. ૨૫) મુંબ

(૨–૩) નાગરદાસ વલભજી રૂ. ૫૦) કલકત્તા

(૪) રતનચંદ રાયચંદ રૂ. ૨૫) સુરત

(૫) તેજકુમારી રૂ. ૨૫) કલકત્તા

(૬) રૂબીકુમારી રૂ. ૨૫) કલકત્તા

(૭) લચ્છીકુમારી રૂ. ૨૫) કલકત્તા

(૮) નીગનકુમારી રૂ. ૨૫) કલકત્તા

(૯–૧૦) કોઠારી જાલિમસીંગ રૂ. ૫૦) કલકત્તા

(૧૧) કચરાભાઇ બલાખીદાસ રૂ. ૨૫) અમદાવાદ

(૧૨) કેશવલાલ નેમચંદ રૂ. ૨૫) કલકત્તા

(૧૩) મણીલાલ કાળીદાસ રૂ. ૨૫) અમદાવાદ

(૧૪) બેન પ્રભાવતી જીવરામ અમથાશા રૂ. ૨૫) અમદાવાદ

(૧) જન્મકલ્યાણમાં મેરૂ પર્વત રમણલાલ ડાહ્યાભાઈ હ. બાઇ માણેક રૂ. ૨૫૦) અમદાવાદ

(૨) ચોસઠ ઇંદ્ર પ્રાણલાલ ડાહ્યાભાઈ રૂ. ૨૫૦) અમદાવાદ.

(૩) ૫૬ કુમારિકા (બાકી)

(૧) શ્રી રિખવદેવ ભગવાનના દિક્ષાનો વરઘોડો હીમતલાલ વાડીલાલ હ. જાસુદબેન રૂ. ૧૫૧) અમદાવાદ

પુતળી (૩) કચ્છી સ્પેશીઅલ જીવરાજ લાલજી રૂ. ૭૫) (ખંડવા સી. પી)

પુતળી (૩) બાકી રૂ. ૭૫

(૧) ધર્મશાળાનું ફાનસ બાઇ કુલી અમદાવાદ

શેઠ નગીનદાસ કરમચંદ પાટણવાળા કુવો રીપેરીંગ માટે રૂ. ૯૬

સડક પરની ઓરડી ૧ ચતુરદાસ છગનલાલ ઇંદરોડા રૂ. ૨૦૦)

(૨) ,, કસ્તુરચંદ તરભોવનની વિધવા બાઈ ચંચળ રૂ. ૨૦૦) અમદાવાદ

(૩) ચુનીલાલ ડોશલચંદ હ. બાઈ મેના રૂ. ૨૦૦) આકોલા

(૬) ઓરડીઓ બાકી કિમત ૧ ની રૂ. ૨૦૦)

મારૂદેવીનો હાથી શકરાભાઇ મગનલાલ રૂ. ૧૦૦) અમદાવાદ

શ્રી ભરતેશ્વરનો હાથી, શેઠ જીતમલજી લોઢાકી ધર્મ પત્ની પ્રભાવતી કુંવર રૂ, ૧૫૧) અજમેર

શ્રી રીખવદેવજીની ગાદી બાકી રૂ. ૧૫૦૦૦)

(૨) શ્રી ભરતેશ્વરજીનો મહેલ રૂ. ૫૦૦૦) બાકી

(૩) શ્રી બાહુબળીજીનો મહેલ રૂ. ૫૦૦૦) બાકી

મુળગભારાની ભગવાનની દેયડીઓ ત્રણ બાકી (સંપૂર્ણ)

બીજું સાધુ સાધ્વીઓના ઉપદેશથી ચતુરવિધના સંઘના રૂપિયા દેશદેશાંતરના મળોને જીરણઉદ્ધારમાં આવેલા, તે ચાર આનાથી તે હજાર સુધીના છે. બીજું વિશેષ નામથી બહાર નામ ઇતિહાસમાં નામ છપાયા નથી અને તેનો હિસાબ ચોપડામાં સકળસંઘને ચોપડામાં જોવાની નમ્રતા પૂર્વક હાથ જોડીને વિનંતી કરૂં છું. મહેરબાન સાહેબો હિસાબ તપાસી લશોજી.

ઓગણીશ કલ્યાણકના જીરણ ઉદ્ધારના પાયામાં એક રૂપિયો આપનારની ઇચ્છાવાળાઓ રૂ. ચોરાસી હજારનો લાભ લઇ શકે.

[ સમાપ્ત ]

## ( શ્રી રિષભદેવ ભગવાનનું સ્તવન )

હાંરે આજ મળીઓ મુજને, તીન ભુવનનો નાથ જો;
ઉગ્યો સુખ સુરતરૂ મુજ ઘર ઘર આગણે રે જો.
હાંરે આજ અષ્ટમહાસિદ્ધિ આવી માહરે હાથ જો;
નાઠા માઠા દહાડા દરિસણ પ્રભુ તણેરે જો. (૧)
હાંરે મ્હારે હિયડે ઉલટી ઉલટ રસની રાસિ જો;
નેહ સલુણી નજર નિહાળી તાહરી રે જો.
હાંરે હુંતો જાણું નિશદિન બેસી રહૂં તુંજ પાસ જો;
તાહરે નેહે ભેદી મીંજી માહરી રે જો. (૨)
હાંરે મ્હારી પુગી પુરણ રીતે મનની હુંસ જો;
દુરજનિયા તે દુઃખ ભર્યા, આવીશે પડયા રે જો.
હાંરે પ્રભુતું તો સુરતરૂ, બીજા જાણ્યા તુસ જો;
તુજ ગુણ હીરો મુજ હિયડા ઘાટે જડયો રે જો. (૩)
હાંરે પ્રભુ તુજ શું મ્હારે, ચોળ મજીઠો રંગ જો;
લાગ્યો એહવો તે છે કુણ ટાળી શકે રે જો.
હાંરે પ્રભુ પલટે તે તો કાચો રંગ પતંગ જો;
લાગ ન લાગે દુરજનો કો મુજ થકે રે જો. (૪)
હાંરે પ્રભુ તાહરી મુદ્રા સાચી મોહન વેલજો;
મોહ્યા તીન ભુવન જન દાસ થઈ રહ્યા જો.
હાંરે પ્રભુ જે નવિરંજ્યા, તે સુરતરૂને ઠેલી જો;
દુઃખ વિષવેલી આદર કરવા ઉમહ્યારે જો. (૫)
હાંરે પ્રભુ તાહરી ભક્તિ ભીન્યું માહરૂં ચિતજો;
તલ જિમ તેલે તેહે જેમ સુવાસનારે જો.
હાંરે પ્રભુ તાહરી દીઠી જગમાં મોટી રીત જો;
સફળ ફળ્યા અરદાસ વચન મુજ દાસના રે જો. (૬)
હાંરે મ્હારે પ્રથમ પ્રભુજી, પુરણ ગુણનો ધ્યસ જો,
ગાતાં રૂષભજીણેસર હુંસે મન તણી રે જો.
હાંરે મ્હારે વિમળવિજયવર વાચકનો સુભ શિષ્ય જો;
રામે પામી દિન દિન દોલત અતિ ઘણીરે જો. (૭)

---

શા. ચંદુલાલ મોહનલાલ (પ્રીન્ટર) ઠે. કાળુશીની પોળ અમદાવાદ.